# નારી ઉત્થાનના હિમાયતી પ્રજાપિતા બ્રહ્માંબાબા

ભારતવર્ષમાં પ્રાચીનકાળમાં નારીઓનું વિશેષ ગૌરવ હતું. ‘નારી તું નારાયણી’ અને ‘યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા’ કહીને નારીનું ગૌરવ કરવામાં આવતું હતું.

પણ ભારતમાં વિદેશી ધર્મઝનૂની લોકોના આક્રમણો થતા સંસ્કૃતિ ભયમાં આવી ગઈ. એની આડઅસર એ થઈ કે સામાજિક બંધનો વધતા ગયા.

શીલની રક્ષાકાજે લાજ કાઢવાનો રિવાજ શરુ થયો. પણ પાછળથી આ સૌ કુરિવાજોમાં પલટાઈ ગયા. દિન પ્રતિદિન નારીનું સ્થાન, ગૌરવ ઘટતા ગયા.

સમાજ પુરુષપ્રધાન હોવાને લીધે પુરુષોનું આધિપત્ય દિનપ્રતિદિન વધતું ગયું. નારીના વિવિધ પાષાઓના ગૌરવને બિરદાવવાને બદલે નારીને માત્ર વિષયભોગના રમકડા તરીકે જોવામાં આવી.

રાજાશાહીમાં અમુક અપવાદો સિવાય નાચગાન જલસા વધતા ચાલ્યા.  આ બધાને પરિણામે નગરવધૂ જેવી પ્રથા પણ અસ્તિત્વમાં આવી.

સમાજમાં કુરિવાજો ઘર કરી ગયા ત્યારે અનેક સમાજસેવકોએ, હિતચિંતકોએ નારીના ગૌરવની રક્ષાકાજે સતત મથામણો કરી સતી પ્રથા નાબુદી, વિધવાવિવાહને માન્યતા જેવા સુધારાઓ થયા.

છેલ્લે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, વિનોબા ભાવે વગેરેએ નારીને મહત્વપૂર્ણ સ્થાન અપાવવા પ્રયાસો આદર્યા. સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રી શક્તિએ વિશેષ પરચો આપ્યો.  બાપુએ સ્ત્રી પુરુષ સમાનતાના ધ્યેયને ચરિતાર્થ કરવા વિશેષ પુરુષાર્થ કર્યો.

આજે સરકારે સ્ત્રી પુરુષ સમાનતાને ધ્યાનમાં રાખી, સ્ત્રીની તરફેણમાં કેટલાક કાયદાઓ પણ કર્યા છે.

આમ છતાં નારી તરફ વિશેષ પૂજ્યભાવ જગાડવાનું કાર્ય કર્યું દાદા લેખરાજજીએ, સિંધ હૈદરાબાદમાં જયારે સ્ત્રીઓનું સ્થાન ઘરની ચાર દીવાલોમાં જ સમાપ્ત થતું હતું.

નારીને વિશેષ અધિકારો નહોતા. તેને વિષય ભોગના દ્રષ્ટિકોણથી જ જોવામાં આવતી હતી ત્યારે ઈશ્વરીય સંકેતને પરિણામે તેઓએ નારી ઉત્થાન માટે અનેક પ્રયાસો કર્યા.

નારીમાં રહેલી દિવ્યતાને તેઓએ જગાડી. એક સુસંસ્કારી માતા સો શિક્ષકની ગરજ સારે છે આ વાત તેઓ જનતા હતા.

નારીશક્તિમાં રહેલા પ્રેમ, પરોપકાર, સદાચાર, સહનશીલતા, પ્રભુપ્રીતિ, આતિથ્યભાવના આદિ ગુણોથી તો તે શોભાયમાન છે. પણ જો તે વિષય વિકારોને છોડીને દિવ્યતાને અપનાવે તો તે સાચે જ નારાયણી બને.

અંબિકા, લક્ષ્મી, ઉમા, સરસ્વતી, દુર્ગા, સીતા આદિ દેવીઓનું જીવન એમની નજર સમક્ષ તરવરતું. તેઓ વિચારતા કે શા માટે આ દેવીઓ પૂજ્ય બની?

શા માટે પ્રથમ દેવીનું નામ લેવાયું છે. દા.ત. સીતારામ, લક્ષ્મીનારાયણ, ઉમામહેશ્વર આદિ.

તેઓએ નારીશક્તિને વિષય વિકારોના બંધનમાંથી છોડાવવા સત્સંગ શરૂ કર્યા. જે શરૂઆતમાં 'ઓમમંડળી' ના નામે ઓળખાયો. ઈ.સ. ૧૯૩૭થી તેનું 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય' તરીકે નામાભિધાન થયું.

પરમાત્માની પ્રેરણા, પરમાત્માએ પોતાને માધ્યમ બનાવ્યા એટલે દાદામાં વિશેષ શક્તિપુંજ જોવા મળતો. એમને જોતાજ સાક્ષાત્કારો થવા લાગ્યા.

આમ નારીશક્તિ વિષય વિકારોને છોડીને વિકારમુક્ત, ત્યાગમય, રાજયોગીનીનું જીવન જીવવા તત્પર બની.

સ્ત્રીમાં સમપર્ણભાવના તો રહેલી હોય છે જ. કેટલીક નવયુવાન બહેનોએ ઈશ્વરીય સેવાર્થે પોતાના જીવનને માનવોની આધ્યાત્મિક સેવા માટે સમર્પિત કર્યું.

આજીવન બ્રહ્મચર્યવ્રત ધારણ માનવોની સેવાનો ભેખ લીધો.

પિતાશ્રી કહેતા કે ભગવાને નારીશક્તિને જ સ્વર્ગ સ્થાપનાના કાર્યમાં નિમિત્ત બનાવી છે.

જ્ઞાનની દેવી સરસ્વતી છે. તે રીતે આધ્યાત્મજ્ઞાનની

દેવી પણ નારીશક્તિ છે. નારીમાં એમણે એવી પ્રેરણા ભરી કે શરૂઆતમાં મામૂલી શિક્ષણ મેળવેલી બહેનો આજે દેશવિદેશમાં સેવા કરે છે.

વર્તમાન સમયે તો અનેક વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરી ઉચ્ચ ડિગ્રીઓ મેળવનાર સુખી સંપન્ન શિક્ષિત પરિવારની બહેનો દેશવિદેશોમાં પ્રવચનો કરી, રાજયોગ તથા વિભિન્ન કોર્ષ શીખવાડીને અનેક આત્માઓને પ્રભાવિત કરે છે.

પિતાશ્રી દાદા લેખરાજ કહેતાં કે હંમેશા 'વન્દેમાતરમ ' કહેવાય છે તો નારીશક્તિ વંદનને, પૂજનને પાત્ર છે.

તેથી દાદાએ પોતાની સઘળી સંપતિ બહેનોનું ટ્રસ્ટ બનાવીને વિશ્વ કલ્યાણઅર્થે સોંપી. સંસ્થાની પાયાની ઈંટ સમાં દાદાએ પોતાને ગુપ્ત રાખી કન્યાઓ, માતાઓને આગળ રાખ્યા.

સ્ત્રી શક્તિ પ્રત્યેના આદરનું આ ગૌરવવંતુ પૃષ્ઠ છે. આજે બ્રહ્માકુમારીઝ સંસ્થામાં સંચાલિકાના સર્વ હોદ્દાઓ ઉપર મહદઅંશે બહેનો જ છે.

ભાઈઓ કોઈ પણ જાતના દેહ અભિમાન વિના બહેનોની સાથે રહીને સેવા કરે છે. આજે એ કહેવાની જરૂર નથી કે આ બહેનોએ પોતાની કુશળ સંચાલન, આયોજન અને દિવ્યતાની સૌરભ દેશવિદેશોમાં ફેલાવી છે.

નારીના આ અધ્યાત્મના પાસાને લોકો સમક્ષ મૂકીને દાદાએ નારીનું સ્થાન ઊંચું કરી દીધું છે.

-:ઓમ શાંતિ:-